**ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) – નિયમો ૧૯૭૧**
**ભવિષ્યની અસર સહિત ઈજાફો અટકાવવાની શિક્ષા કરતા પહેલાંનિયમ ૯ અને ૧૦ મુજબ તપાસ કરવા અંગે.**

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : સીડીઆર–૧૦૯૨–૩૧૧–ખા.ત.
સચિવાલય, ગાંધીનગર, તા. ૨–૧૨–૯૫

**પરિપત્ર** : ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૮૭૧ ના નિયમ–૬ માં ઈજાફો અટકાવવાની શિક્ષાને "નાની શિક્ષા" તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ નિયમોને નિયમ–૨ ની જોગવાઈ મુજબ નાની શિક્ષા કરતાં પહેલાં નિયમ–૯ અને ૧૦ માં ઠરાવેલી તપાસની પ્રક્રિયા અનુસરવી ફરજિયાત નથી. પરંતુ શિસ્તઅધિકારીને જરૂર જણાય તે કિસ્સામાં જ નિયમ ૯ અને ૧૦ મુજબની તપાસની સંપૂર્ણ પ્રક્રિયા અનુસરવાની રહે છે.

(૨) તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે એસ. એસ. સી. એ. ૨૯૬૦/૧૯૮૭ માં શ્રી કલવંતસિંહ ગી વિરુધ્ધ પંજાર રાજ્યના કેસમાં ઠરાવ્યુ છે કે "ભવિષ્યની અસર સહિત ઈજાફા અટકાવવાની શિક્ષાને નિયમોમાં નાનસ શિક્ષા તરીકે વર્ગીકૃત કરવામાં આવી હોય પરંતુ હકીકતમાં તે શિક્ષાની અસર પગારધોરણમાં નીચલા તબકકે ઉતારવાની મોટી શિક્ષા અસર જેવી જ હોય. ભવિષ્યની અસર સહીત ઈજાફો અટકાવવાની કાર્યવાહી/ પ્રક્રિયા અનુસરવી જોઈએ. પહેલાં ભારે શિક્ષા કરવા અંગેની કાર્યવાહી/પ્રક્રિયા અનુસરવી જોઈએ.

(૩) સર્વોચ્ચ અદાલતના ઉપર્યુકત ચુકાદા અન્વયે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ ૭૧ માં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે.

દરમ્યાનમાં કોઈપણ કેસમાં ભવિષ્યમાં અસર સહિત ઈજાફો અટકાવવાની શિક્ષા કરતાં પહેલાં ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ ૭૧ ના નિયમ ૯ અને ૧૦ માં નિર્દિષ્ટ તપાસની સંપૂર્ણ પ્રક્રિયા/ કાર્યવાહી અચૂકપણે અનુસરવા સર્વે શિસ્તઅધિકારીઓને આથી સૂચના આપવામાં આવે છે.

(૪) સચિવાલયના દરેક વિભાગમાં તેમજ ખાતાં / કચેરીના વડાની કચેરીઓમાં ઉપરોકત સૂચનાનુ ચુસ્તપણે પાલન થાય તે જોવા સચિવાલયના દરેક વિભાગ તેમજ ખાતા / કચેરીનાં વડા ખાસ અનુરોધ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.એમ.વૈષ્ણવ**
નાયબ સચિવ
સામાન્ય વહીવટ, ગુજરાત સરકાર

**નોંધ** : આચારસંહિતા બહાર પડી ગયા પછી સુપ્રીમ કોર્ટના એક ચુકાદાની રાજય સરકારને જાણ થતાં ઉપરોકત પરિપત્ર રાજયપાલશ્રીના સહી સાથે તત્કાલ પાડેલ છે.